# આજે શનિ જયંતિ : શનિદેવને પ્રસન્ન કરવાનો વિશેષ દિવસ

## શનિ જયંતિ, અમાસ અને શનિવારનો સંયોગ : અમદાવાદ સહિત રાજ્યભરના શનિ મંદિરોમાં શનિ ભક્તોની ભીડ જામશે : ખાસ કાર્યક્રમોનું આયોજન થયુ

અમદાવાદ, તા.૭

આજે અમદાવાદ સહિત દેશભરમાં શનિ જયંતિનો મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. આ વર્ષે શનિ જયંતિએ અમાસ અને શનિવારનો સંયોગ થઈ રહ્યો છે. જેથી શનિ જયંતિનું મહત્વ વધી જશે. આ દિવસે શનિદેવના દર્શન, પૂજા, અભિષેક અને દાન કરીને પ્રસન્ન કરી શકાય છે. શનિ જયંતિના પાવન અવસરે અમદાવાદ સહિત રાજ્ય અને દેશભરમાં શનિ મંદિરોમાં શનિ અભિષેક, નવગ્રહ શાંતિ પાઠ, શનિકથા તેમજ શનિદેવની આહુતિ યજ્ઞ વગેરેનું આયોજન કરાયું છે. જેના પગલે શનિવારે દેશભરના શનિ મંદિરોમાં શનિ ભક્તોની મોટી સંખ્યામાં ભીડ જોવા મળશે. અમદાવાદમાં દૂધેશ્વર, શાહીબાગ રેલ્વે કોલોનિ અને ચાંદલોડિયા સ્થિત શનિ મંદિર સહિત વિવિધ શનિ મંદિરોમાં શનિ જયંતિ પર વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. શનિ જયંતિના દિવસે શનિદેવની વિધિવત રીતે પૂજાપાઠ અને વ્રત કરવામાં આવે છે. કહેવાય છે કે શનિ જયંતિ પર દાન અને પૂજાપાઠ કરવાથી શનિ સંબંધિત તમામ પ્રકારના વિદનો દૂર થવામાં લાભદાયી બને છે. શનિદેવને બધા ગ્રહોમાં સૌથી વધારે શક્તિશાળી ગ્રહ માનવામાં આવે છે. શનિદેવના માથા પર અમૂલ્ય મણીયોથી બનેલ મુગટ સુશોભિત છે. શનિદેવના હાથમાં ચમત્કારીક યંત્ર છે. શનિદેવ ન્યાયપ્રિય અને ભક્તોને અભય દાન આપનારા દેવ મનાય છે. શનિદેવ પ્રસન્ન થાય તો ગરીબને રાજા અને ગુસ્સે થાય તો રાજાને રંક બનાવી દે છે. આ શુભ દિવસે શનિ ભક્તોને પીપડાના ઝાડને જળ અર્પણ કરવું જોઈએ અને પીપડાના દોરો બાંધીને સાત વખત પ્રદક્ષિણા કરવી જોઈએ. શનિદેવને ન્યાયના દેવ પણ કહેવામાં આવે છે. તેઓ જીવંતને તમામ કર્મોના ફળ આપે છે. શનિવારે સુંદરકાંડ અથવા હનુમાન ચાલીસાનો પાઠ કરવાની સાથે શનિ ચાલીસાનો પાઠ કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે.

# શનિદેવનો જન્મ પોરબંદરથી ૨૮ કિ.મી. દુર સ્થિત હાથલામાં થયો હોવાની માન્યતા

## કાળી વસ્તુઓનું દાન કરવાથી શનિદેવની કૃપા થાય એવી શ્રદ્ધા

અમદાવાદ, તા.૭

શનિ જયંતિના અવસરે મુખ્ય શનિ મંદિરોમાં શ્રધ્ધાળુઓની ભીડ ઊમટી પડે છે. ભારતમાં આવેલ શનિ મંદિરોમાં આ દિવસે શ્રધ્ધાળુઓ શનિદેવની પૂજા અર્ચના કરે છે અને શનિ પીડાથી મુક્તિની પ્રાર્થના કરે છે. શનિદેવને કાળા અથવા કૃષ્ણવર્ણના કહેવાય છે. જેથી તેમને કાળો રંગ સૌથી પ્રિય છે. શનિદેવ કાળા વસ્ત્રોમાં સુસજ્જ છે. ધાર્મિક માન્યતા અનુસાર શનિદેવનો જન્મ જેઠ મહિનાના અમાસના દિવસે થયો હતો. શનિ જયંતિનું મહત્વ અને આ દિવસે કરવામાં આવેલી પૂજા અર્ચના વિશે ચાંદલોડિયા રેલ્વે કોલોનિ ઢાળ નજીક સ્થિત શનિ મંદિરના મહારાજ મહેશ ઓમ (ભાર્ગવ) જણાવ્યું હતું કે શનિદેવનો જન્મ શનિવારે રોહીણી નક્ષત્રમાં થયો હતો. વધુમાં જણાવતા કહ્યું કે શનિદેવનું જન્મ સ્થળ ગુજરાતના સૌરાષ્ટ્રમાં પોરબંદરથી નજીક ૨૮ કિમી દુર આવેલ હાથલામાં થયો હતો. તેમણે જણાવ્યું કે શનિ જયંતિના શુભ અવસરે શનિદેવની કૃપા મેળવવા માટે શનિદેવના દર્શન, તેલ, અભિષેક, કાળા તલ, ગોળ, લોખંડ, ઈન્દ્રજવ, નીલમ, સરસવનું તેલ, સોનું, કાળા કપડા, અડદ, લવીંગ, કાળું મીઠું, કાળી વસ્તુ વગેરે વસ્તુઓનું દાન આપવાથી શાંતિ મળે છે. શનિદેવને પ્રસન્ન કરવા માટે શનિવારના અમાસે કાળા પાડાને કાળા ચણા પલાળીને ખવડાવવાથી પુણ્ય મળશે. તેમણે જણાવ્યું કે શનિ જયંતિ પર મંદિરમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે ચાંદલોડિયાના શનિ મંદિરે ગણેશપૂજન, શનિ અભિષેક, નવગ્રહ શાંતિ પાઠ તથા શનિકથા અને શનિદેવની ૨૩૦૦૦ આહુતિ શનિ ભક્તોદ્વારા અપાશે. જે ભાઈ-બહેનોને શનિદેવની પનોતી નડતી હોય તેના માટે શ્રી શનિયંત્ર ઘોડાની નાળ અને શનિની બે વીંટી, શનિદેવનું બાવલું, બે દોરા, (આ સાત વસ્તુ) હવનમાં સિદર કરાશે.

# ગાંધીનગર જિલ્લા પંચાયતના આયોજનના કામો રદ કરાતાં આક્રોશ

## સરકારશ્રીએ નક્કી કરેલ ગાઈડલાઈન મુજબ કામો સુચવ્યા છતાં રદ કરાયાનો આક્ષેપ : પ્રભારી મંત્રી શ્રી રેતી-કાંકરીની ગ્રાન્ટ પણ આપવા નથી દેતા : પંચાયત પ્રમુખ ભીખીબેન ઠાકોર

ગાંધીનગર, તા. ૭

ગ્રામ વિકાસના કામો તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મારફતે જરૂરીયાત મુજબ થઈ શકે તે માટે જિલ્લા આયોજનની ગ્રાન્ટને ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત લેવલે ફાળવણી કરવામાં આવે છે. જેથી જે તે કક્ષાએ જરૂરીયાત મુજબના કામો થઈ શકે તે મુજબ દર વર્ષે આયોજન થાય છે.

જે મુજબ ચાલુ વર્ષે પણ તાલુકા અને જિલ્લા આયોજનના કામો સુચવવામાં આવેલ ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ભાજપની તાલુકા પંચાયત હોવાથી તાલુકા પંચાયત મારફતે સુચવાયેલ કામો મંજુર કરવામાં આવેલ છે. જ્યારે ગાંધીનગર જિલ્લા પંચાયત કોંગ્રેસની હોવાથી રાજ્યના નાણાં મંત્રી અને ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તેમના મુખ્યમંત્રીશ્રીને વહાલા થવા માટે મનમાની કરી જિલ્લા પંચાયત મારફતે સરકારશ્રીએ આપેલ ગાઈડ લાઈન મુજબ સુચવાયેલ રૂ. ૧.૮૭ કરોડના કામો રદ કરેલ છે. અને નવેસરથી નમુનારૂપ કામોનું આયોજન કરી દરખાસ્ત કરવા જણાવ્યું.

ગાંધીનગર અને દહેગામ તાલુકામાં ગાંધીનગર જિલ્લા પંચાયતે સુચવ્યા મુજબના જ કામો આયોજનના કામોમાં સુચવેલ પરંતુ ગાંધીનગર અને દહેગામ તાલુકા પંચાયતમાં ભાજપની સત્તા હોવાથી ગાંધીનગર તાલુકાનું રૂ. ૯૫ લાખની રકમ સામે રૂ. ૧૧૦ લાખ અને દહેગામ તાલુકામાં ૧૧૩ લાખની સામે રૂ. ૧૨૦ લાખના કામો મંજુર કરવામાં આવેલ છે.

આયોજનની ગ્રાન્ટ મેળવવા માટે રૂ. ૧ લાખની અંદાજિત રકમના કામ સામે ૧૦ નવા શૌચાલયો તેમજ રૂ. ૨ લાખની અંદાજિત રકમના કામ સામે ૨૦ નવા સૌચાલયો ફરજીયાત બનાવવા જણાવેલ છે. આયોજનમાં આવી શરત મુકવાની હોય તો તેના માટે ઓછામાં ઓછો છ માસનો ટાઈમ આપવો જોઈએ. તો જે તે ગામે શૌચાલયો બનાવવાનું આયોજન કરી શકાય. પરંતુ રાતોરાત મંત્રીશ્રી તુક્કો વિચારી અમલમાં મુકી લઈ કોંગ્રેસ શાષિત જિલ્લા પંચાયતને અન્યાય કરે તે બરાબર કહેવાય નહી.

ગાંધીનગર જિલ્લામાં ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરી દ્વારા રેતી, કાંકરી, ગ્રેવલ ઉપર રોયલ્ટી પેટે આવતી રકમ બે વર્ષ અગાઉ રૂ. ૨.૬૪ કરોડ ગ્રાન્ટ ફાળવેલ પરંતુ ત્યાર બાદ ગાંધીનગર જિલ્લા પંચાયતને રેતી-કાંકરીની ગ્રાન્ટ ન ફાળવાતા જિલ્લાના વિકાસના કામો થઈ શકતા નથી. ગાંધીનગર જિલ્લા પંચાયતને રેતી-કાંકરીની આવકનો મળવાપાત્ર રૂ. ૮ કરોડ ઉપરાંત ગાંધીનગર જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલ નથી. જેના કારણે જિલ્લાના નદી કિનારાના તથા નદી કિનારા સિવાયના ગામોમાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી જે વિકાસના કામો થવા જોઈએ તે ગ્રાન્ટના અભાવે થઈ શકતા નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનું શાસન હોવાથી ગુજરાત રાજ્યની ભા.જ.પ. સરકાર દ્વારા અધિકારીઓ મારફતે એન કેન પ્રકારે કોંગ્રેસ શાસિત પંચાયતોનો વહીવટ કેમ ખરાબ દેખાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. રાજ્ય સરકાર જિલ્લા પંચાયતને સોંપાયેલ સત્તામાં હસ્તક્ષેપ જિલ્લા પંચાયતનો વહીવટ પણ રાજ્ય સરકાર કરે છે જે લોકશાહી પ્રક્રિયા વિરૂદ્ધ છે.

વરસાદનું આગમનના પગલે રેઈનકોટ અને તાડપત્રીનો વેપાર બજારમાં જામવા માંડ્યો છે... આજકાલ રસ્તાઓ પર છત્રીઓ, રેઈનકોટ અને તાડપત્રી લઈને પાથરણાવાળા ઠેર ઠેર જામી પડ્યા છે...

# જીટીયુ કુલપતિ પદે અક્ષય અગ્રવાલની મુદત વધારાઈ

અમદાવાદ, તા.૭

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિ પદે અક્ષય અગ્રવાલની ત્રણ વર્ષની મુદત આજે પૂર્ણ થઈ રહી છે. પરંતુ ગુજરાત સરકાર નવા કોઈ કુલપતિની નિમણુંક કરવાની જગ્યાએ અક્ષય અગ્રવાલની મુદત ત્રણ વર્ષ માટે વધારવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે ૭ જુન ૨૦૧૬ સુધી જીટીયુના કુલપતિ પદે અક્ષય અગ્રવાલ યથાવત રહેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીની સ્થાપના બાદ તેના પ્રથમ કુલપતિ તરીકે અક્ષય અગ્રવાલની નિમણુંક થઈ હતી. જેમની કુલપતિ પદેની મુદત આજે પૂર્ણ થઈ રહી હતી. જો કે રાજ્ય સરકારે જીટીયુના કુલપતિ પદે કોઈ અન્ય વ્યક્તિને નિમણુંક કરવાને બદલે અક્ષય અગ્રવાલની મુદત ત્રણ વર્ષ વધારવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે હવે ૭ જુન ૨૦૧૬ સુધી અક્ષય અગ્રવાલ જીટીયુના કુલપતિ પદે યથાવત રહેશે. ઉલ્લેખનીય છે કે જીટીયુની સ્થાપના સમયે તેના કુલપતિની ઉંમર મર્યાદા ૭૦ વર્ષ નક્કી કરવામાં આવી હતી. જ્યારે અક્ષય અગ્રવાલ આગામી ત્રણ મહિના બાદ ૭૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. ત્યારે અક્ષય અગ્રવાલને જીટીયુના કુલપતિ પદે યથાવત રાખવા રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં ઉંમર માટેના કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

## રાજ્યમાં વરસાદ ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાબોચીયા ભરાઈ ગયા હતા અને બાળકોએ નાહવાની મજા માણી હતી. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ઈડરમાં ૪૦.૪ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે વરસાદનું ઝાપટું પડી શકે છે. મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીથી આસપાસ નોંધાશે.

### જાહેર ખબર

નિયામક નગરપાલિકાઓની કચેરી, બ્લોક નં. ૧૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર ખાતે કચેરીની જરૂરિયાત મુજબ કચેરીમાં સ્વીપર કમ હમાલ, પાણીવાળા, પટાવાળા, પટાવાળા કમ ડ્રાઈવરની ખાલી જગ્યાઓ સામે જાહેર સેવકો રોકી આઉટ સોર્સથી સદર કામગીરી નાણાં વિભાગનાં તા. ૧૫/૦૭/૦૬ તથા સા.ન.વિ.ના ૩૦/૧૧/૦૬ના ઠરાવની જોગવાઈ મુજબ કરાવવાની છે. આ કામગીરી માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. જરૂરી કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭ સુધીમાં કચેરી ખાતેથી મેળવી લેવાના રહેશે.

સહી/-
નાયબ નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૫૦૨/૧૩/૧૪

## 'જીંદગી હેલ્પલાઈન' આરંભાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબર હોર્ડીંગ્સમાં લખેલા છે. જેમાં કોલ કરવાથી આપઘાત કરવા દોડી આવેલી વ્યક્તિને પાછો વાળી તેનું કાઉન્સીલીંગ કરવામાં આવશે. રેન્જ આઈ.જી. શમશેર સિંઘના જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં કેનાલ પુલ પરથી ઝંપલાવી આપઘાતના બનાવો વધુ બને છે તેથી આવા ૨૦ જેટલા સ્યુસાઈડ પોઈન્ટ પર મોટા હોર્ડીંગ્સ લગાડી દેવામાં આવ્યા છે. અને આજથી જ હેલ્પલાઈન શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા મનોચિકિત્સક ડૉક્ટર ઉપરાંત 'સાથ' નામની એન.જી.ઓ.ના કાઉન્સીલર્સની પેનલની આ કામ માટે મદદ લેવામાં આવી છે. સ્યુસાઈડ પોઈન્ટ કેનાલ ઉપરાંત શાળા-કોલેજો બહાર પણ આ પ્રકારના હોર્ડીંગ્સ લગાડવામાં આવશે. ગાંધીનગર રેન્જ આઈ.જી.એ શરૂ કરેલી આ હેલ્પલાઈનના ઓપનીંગ પ્રસંગે 'સાથ' એન.જી.ઓ.ના અંજુબેન, રેન્જના ત્રણેય જિલ્લાઓના પોલીસ વડા સહિતનો સ્ટાફ ગાંધીનગર એસ.પી. કચેરી ખાતે ઉપસ્થિત રહ્યો હતો.

## પ્રવેશોત્સવનો પ્રારંભ ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લામાં ૧૧ ગામોમાં ૩૫ ટકાથી ઓછી સ્ત્રી સ્ત્રી સાક્ષરતા ધરાવે છે. આ ગામોમાં ૨૩ જેટલી પ્રા. શાળાઓ છે તેમાં વધુ ને વધુ કન્યાઓ દાખલ થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટસ્ જેવા કે સ્માર્ટ સ્કૂલનો પ્રોજેક્ટ જિલ્લામાં અમલી બન્યો છે. જમિયતપુરા પ્રા. શાળાને આ દરજ્જો પ્રાપ્ત થયેલ છે.

સ્માર્ટ ક્લાસ માટે જિલ્લાની પાંચ પ્રા. શાળાઓ બોરૂ, સે. ૨૦, ટીંટોડા, વાસણારાઠોડ અને વાસનની પસંદગી કરાઈ છે. આ ઉપરાંત ગ્રીન સ્કૂલ પણ ગાંધીનગરમાં બનાવવામાં આવી છે. દહેગામ તાલુકામાં આંગોલી પ્રા. શાળાને આ દરજ્જો આપવામાં આવ્યો છે. જિલ્લામાં ૧૩૦ શાળાઓમાં પ્રજ્ઞા પ્રોજેક્ટ્સ અને બાલા પ્રોજેક્ટ અંતર્ગત ૪૫ પ્રા. શાળાઓને આવરી લેવામાં આવી છે.

શાળા પ્રવેશોત્સવમાં જનભાગીદારી અને જનજાગૃતિ વધે તે માટે ગામના વયોવૃદ્ધ નાગરિકના સન્માનની સાથે સાથે ગામના તેજસ્વી છાત્રોનું પણ અભિવાદન કરવાનું વિચારાયું છે.

શાળા પ્રવેશોત્સવના આ કાર્યક્રમમાં આંગણવાડીમાં પ્રવેશ પાત્ર બાળકોને એક્ટીવીટી બુક તથા ડ્રોઈંગ બુક આપવામાં આવશે. જ્યારે ધો. ૧ ના પ્રવેશપાત્ર બાળકોને ડ્રોઈંગબુક અને કેયોન કલર્સ આપવામાં આવશે. આ ઉપરાંત લોકસહયોગથી મળેલ રમકડાં પણ આંગણવાડીમાં અર્પણ કરવામાં આવશે.

### ગુજરાત સરકાર
### ગોરઠીયા (મોટા ચેખલા) રીચાર્જ યોજના
## જાહેર ચેતવણી

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પેન્ડીંગ ચેનલ વિભાગ નં.૧, હિંમતનગરની યાદી જણાવે છે કે, ગોરઠીયા (મોટા ચેખલા) રીચાર્જ યોજના મુ. ટકાર, તા. તલોદ, જી. સાબરકાંઠામાં વર્ષ-૨૦૧૩ના ચોમાસા દરમિયાન યોજનાના ડુબ વિસ્તારમાં આવતા તલોદ તાલુકાના મોહનપુર, કઠવાડા, વરવાડા, ટકાર, ગામમાંથી પસાર થતી મેસ્વો નદીમાં પાંચ મીટર પાણી ભરાવાની શક્યતા છે. આથી ઉપરોક્ત ગામોની તેમજ આજુબાજુના ગામોની જાહેર જનતાને તાકીદ સાથે સાવચેત કરવામાં આવે છે કે, ચોમાસા દરમિયાન યોજનાના વિસ્તારમાં અવરજવર કરવી નહીં. તેમજ પ્રવેશવું નહીં તથા ઢોર ઢાંખરને પ્રવેશવા દેવા નહીં, તેમજ નદીના પાણીમાં પ્રવેશવું નહી. આવા ગેરકાયદેસર પ્રવેશને કારણે અકસ્માત થવાની સંભાવના છે. જેની સંબંધિત વિસ્તારની જનતાએ નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક ના.માનિ./હિંમત/૧૧૬/૨૦૧૩

## જાહેર હરાજીની નિવિદા નં.૨ સને ૨૦૧૩-૨૦૧૪

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર ૩૮૨૦૧૬, જીપકાર નંબર જી.જે. ૧ જી ૧૭૨૮ની હરાજી જેની અંદાજીત કિંમત રૂ. ૨૮,૦૦૦/- સુધીની છે આ માટે જાહેર હરાજી તા. ૧૪-૬-૨૦૧૩ના રોજ ૧૦.૩૦ કલાકે સેક્ટર-૧૯, સુવિધા કચેરી, ગાંધીનગર ખાતે રાખેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે રૂ. ૫૦૦/- રોકડા ડીપોઝીટ ભરવાની રહેશે.

**નોંધ : સુવિધા કચેરી, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે જીપકાર જોવા મળશે.**

માહિતી/૫૦૧/૧૩/૧૪

## શબ્દાવલી - ૫૦૮૩



### આડી ચાવી

૧. પૈસાના હિસાબમાં ગોટાળો કરી ઉઠાકરી કરવી (૪)
૬. ઘર કી મુરઘી ... બરાબર (૨)
૭. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૧૦. પાણીની વાછટ કે ફરફર (૩)
૧૨. શ્રાદ્ધ (૩)
૧૩. જંગલ (૨)
૧૫. એક ખટમીઠું નાનકડું ફળ (૪)
૧૭. ગપ્પુ (૨)
૧૮. ક્રિકેટનો સ્કોર, કેટલા.. થયા (૨)
૧૯. ... ખબર નથી, કંઈ પણ (૨)
૨૦. જોક્સ, કોમીક (૨)
૨૧. આકાશનો અગ્નિ, રેખાના આકારે પડતો તેજ નો ઢગલો (૩)
૨૨. મુસ્કુરાહટ (૪)
૨૩. દયા (૩)

### ઊભી ચાવી

૧. ઉત્સાહ વગરનું (૪)
૨. ચલાવનાર (૩)
૩. જપ..., સાધના (૨)
૪. કોપરા, ટોપરૂ (૩)
૫. અંત, છેડો (૨)
૮. બારી, ખીડકી (૫)
૯. પંક, કીચડ (૩)
૧૧. પેન્સિલનું લખાણ... થી ભુંસાય (૩)
૧૪. કોતરણી (૫)
૧૫. ... રકાબી, પ્યાલો (૨)
૧૬. વાનર, વાંદરો (૪)
૧૭. ઉષ્ણ, આગથી તપી ગયેલું (૩)
૧૯. ઠંકાશ (૩)
૨૦. જોલા, બેઠા બેઠા ઊંઘવું તે (૨)
૨૧. હૃદય, દિલ (૨)

### શબ્દાવલી ૫૦૮૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) છબછબીયા (૪) સદી (૬) ટન (૭) સાંત્વન (૮) ત્રાસવાદી (૧૦) ગાજ (૧૧) તપશ્ચર્યા (૧૨) હઠવું (૧૩) દડો (૧૫) દમદાર (૧૭) ફરાર (૧૯) રજા (૨૦) દફનાવવું

**ઊભી ચાવી :-** (૧) છટકુ (૨) બન (૩) બિન્દાસ (૪) સત્વ (૫) દિનચર્યા (૭) સાંદીપની (૮) ત્રાજવું (૯) વાત (૧૦) ગાઠ (૧૨) હળદર (૧૩) દરદ (૧૪) ફરવુ (૧૬) મજા (૧૭) ફના (૧૮) રાવ

### કંપની સમાચાર

## ગુજરાતમાં પ્રથમ સોલ્ટ થેરાપી સેન્ટરનો પ્રારંભ

**દમ અને જુના બ્રોન્કાઈટિસ જેવી સંબધીત સમસ્યાઓ માટે કોઈ પણ આડઅસર વગર ૧૦૦% પ્રાકૃતિક, ઔષધી રહિત ચિકીત્સા**

સોલ્ટ થેરાપી દમ અને જુના બ્રોન્કાઈટિસ જેવી સંબધીત સમસ્યાઓ માટે કોઈ પણ આડઅસર વગર ૧૦૦% પ્રાકૃતિક, ઔષધી રહિત ચિકીત્સા છે. સોલ્ટ થેરેપીએ સમગ્ર દુનિયાભરમાં કિલનિકલ ટ્રાયલ દ્વારા ચમત્કારીક પરિણામ મેળવ્યુ છે. સાયનસ, ખાંસી, જંતુતાવ, દમ ફૂલવો, ઠંડી તાવ, ઋતુ એલર્જી, એકિઝમા જેવા અને અન્ય ઘણા બધા રોગો માટે સોલ્ટ થેરેપી એક સચોટ ઉપચાર છે.

"પોતાના જીવાણું રોધક અને ફુગરોધક સોલ્ટી ગુણધર્મના કારણે સોલ્ટ થેરાપી ઘણી પ્રભાવિત સાબિત થઈ છે. સોલ્ટ થેરાપીની શરૂઆત ૧૯મી સદીમાં એ વખતે કરી કે જ્યારે એક ચિકીત્સકે એ ધ્યાન આપ્યુ કે સોલ્ટ ખનિજ કરનારને શ્વાસની કોઈપણ મુશ્કેલી થતી નથી. સોલ્ટી હવામાં દમ, બ્રોન્કાઈટિસ અને શ્વાસ સંબધિત અન્ય બિમારીઓના લક્ષણ નાબૂદ થઈ જાય છે. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન ડૉ. કાર્લ હર્મન સ્પેન્નાજેલની ધ્યાનમાં એ આવ્યુ કે તેમના રોગી જે બહુ જ બોમ્બીંગથી બચવા માટે મીઠાના ગુફાની ખાણમાં છુપાઈ ગયા હતા, તેમના સ્વાસ્થ્યમાં બહુ જ સુધારો દેખાયો હતો. દમના રોગી જે બોમ્બથી બચવા માટે ત્યાં છુપાયા હતા, તેમને દમના હુમલામાં ખુબ જ રાહત મળી હતી અને તેમના શ્વાસોશ્વાસ ખૂબ જ સામાન્ય થઈ ગયા હતા. ત્યારથી શ્વાસની બીમારીઓ માટે સોલ્ટ મેડિટેશનની શરૂઆત થઈ હતી જે આજે આધુનિક યુગમાં સોલ્ટ થેરેપીના સ્વરૂપે ઉપલબ્ધ છે.